અગત્યનું
તાત્કાલિક

ક્રમાંક: સબબ-૧૦૯૩-૨૬૫૦-૨,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. 21 જુલાઈ 1995
તારીખ:-

પ્રતિ,

- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ.
- ~~મુખ્ય કારોબારી~~ અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, ઈજીતા ટાવર્સ, નવરંગપુરા, અમદાવાદ.
- કમિશનરશ્રી, સર્વે નગરપાલિકાઓ,

વિષય:- સરકારી લ્હેણાં ની કપાત કરવા બાબતે.

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, નિયામકશ્રી, નગરપાલિકાઓ અમદાવાદના તા-૨૮-૧-૯૩ ના પત્ર ક્રમાંક:નપાનિ/હસબ/યુ.૨૦/વિ.૯/૯૨ થી સરકારી લ્હેણાંની કપાત બાબતે સરકારશ્રીનું માર્ગદર્શન માંગેલ, તે અન્વયે નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

(૧) સ્થાનિક સંસ્થાઓ દ્વારા નિયમિત લોન/વ્યાજના હપ્તા નિયમિત રીતે ભરપાઈ કરવામાં આવતા ન હોય અને જે કસુરવાર (ડીફોલ્ટર) હોય તેવી નગરપાલિકાઓને કોઈપણ જાતની સરકારી લોન માટે ભલામણ કરવી નહીં.

(૨) સ્થાનિક સંસ્થાઓ પાસેથી સરકારી લ્હેણાંનો વસુલાત નીચે મુજબ કરવાની રહેશે.

| એજન્સી | | સરકારી લ્હેણાંનો પ્રકાર | ધોરણ |
|---|---|---|---|
| (૧) નિયામકશ્રી નગરપાલિકાઓ | ૧. | સરકારી લોન અને વ્યાજના ઓવરડયુઝ. | ૫૦% |
| | ૨. | અન્ય લોન | ૫૦% |
| | ૩. | શિક્ષણ ઉપકરના બાકી લ્હેણાં | ૫૦% |
| (૨) ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ. | ૧. | ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની લોન. | ૫૦% |
| | ૨. | બોર્ડના સ્વભંડોળમાંથી લીધેલ લોન. | ૫૦% |

આમ સ્થાનિક સંસ્થાઓ પાસેથી ઉપર મુજબ ના સરકારી લ્હેણાંની વસુલાત અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવાની રહેશે. અને તેમાં કોઈપણ પ્રકારની છૂટછાટ આપવાની રહેશે નહીતેમજ સ્થાનિક સંસ્થાઓને ચૂકવવામાં આવતી ગ્રાન્ટમાંથી સરકારી લ્હેણાંની અચૂક કપાત કરવા અંગે ખાસ તકેદારી રાખવા વિનંતી છે.

આ બાબતે આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની સમયાંતરે આ વિભાગને જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(લ.ત્રી.જોષી)
ઉપસચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.